**Rajesh. J. Patel**
B.A. LL.B.
(ADVOCATE)
Office : Radha Chember,
1st Floor, Astron Chowk, Rajkot.
PH : (0281)2466429

**રાજેશ જે. પટેલ**
બી.એ. એલ.એલ.બી.
(એડવોકેટ)
ઓફીસ : રાધા ચેમ્બર, પહેલા માળે,
એસ્ટ્રોન ચોક, રાજકોટ.
ફોન નં. (૦૨૮૧)૨૪૬૬૪૨૯

પ્રતિશ્રી,
આર. કે. પ્રોપર્ટીઝના નામથી ચાલતી ભાગીદારી પેઢી વતી ભાગીદાર
શ્રી ગીરીશભાઈ કેશવલાલ પરસાણા
ઠે. દિવાનપરા, શેરી નં. ૩, રાજકોટ.

બાબત ::– ટાઈટલ તથા સર્ચ રીપોર્ટ

સાહેબશ્રી,

આપના તરફથી આર.કે. પ્રોપર્ટીઝના નામથી ચાલતી ભાગીદારી પેઢીના ભાગીદારોના નામની ગુજરાત રાજયનાં રજીસ્ટ્રેશન ડીસ્ટ્રીકટ રાજકોટનાં સબ–ડીસ્ટ્રીકટ રાજકોટનાં રાજકોટ શહેરમાં દિવાનપરા શેરી નં. ૧૧ માં આવેલ અઘાટ લેખવાળી સીટી સર્વે વોર્ડ નં. ૧, સીટી સર્વે નં. ૨૧૧૯, ૨૧૨૦ તથા ૨૧૨૧ જે એકત્રીકરણ થતા સીટી સર્વે નં. ૨૧૧૯ ની કુલ જમીન ચો.વા.આ. ૩૨૫–૦૦ બરાબર ચો.મી.આ. ૨૭૪–૬૨ તે બિલ્ડીગ પ્લાન મુજબ પ્લોટ એરીયા ચો.મી. ૨૭૧–૭૪ માંહેથી સેટ બેક તથા કાટખુણાની જમીન બાદ જતા બાકી રહેતી જમીન ચો.મી. ૨૩૮–૪૫ ઉપર આવેલ "ફખરી એવન્યુ" ના નામથી ઓળખાતી રહેણાંક હેતુ માટેની લો–રાઈઝની ઈમારત અંગેના દસ્તાવેજોની ફાઈલ અમોને અમારા અભિપ્રાય અર્થે મોકલેલ છે તે દસ્તાવેજો અમોએ તપાસેલ છે, જેની વિગત નીચે મુજબ છે.

| | | |
|---|---|---|
| ઉતરે | :– | બીજાની માલિકીની મિલ્કત આવેલ છે. તે તરફ માપમીટર ૧૯–૮૧ છે. |
| દક્ષિણે | :– | રસ્તો આવેલ છે. તે તરફ માપમીટર ૧૯–૮૧ ગોળાઈ સહિત છે. |
| પુર્વે | :– | રસ્તો આવેલ છે. તે તરફ માપમીટર ૧૩–૭૨ ગોળાઈ સહિત છે. |
| પશ્ચિમે | :– | રસ્તો આવેલ છે. તે તરફ માપમીટર ૧૩–૭૨ ગોળાઈ સહિત છે. |

૧: એડેન્ડમ પાર્ટનરશીપ ડીડ અનુક્રમ નં. ૨૩૩૮ તા. ૨૫/૩/૨૦૧૯ ની ટ્રુ કોપી.

૨: પાર્ટનરશીપ ડીડ અનુક્રમ નં. ૨૧૩૬ તા. ૧૫/૩/૨૦૧૯ ની ટ્રુ કોપી.

૩: રાજકોટ મ્યુનિ. કોર્પો. એ આપેલ બાંધકામ પરવાનગી નં. ૩૩૭ તા. ૨૬/૧૦/૨૦૧૬ ની ટ્રુ કોપી. તથા આરંભ પ્રમાણપત્ર તથા બિલ્ડીગ પ્લાનની ટ્રુ કોપી.

૪: સીટી સર્વે વોર્ડ નં. ૧, સીટી સર્વે નં. ૨૧૧૯ ના અમો આર.કે. પ્રોપર્ટીઝ ભાગીદારી પેઢીના ભાગીદાર શ્રી ગીરીશભાઈ કેશવલાલ પરસાણાના નામના પ્રોપર્ટીકાર્ડની ખરી નકલ.

૫: અનુક્રમ નં. ૪૦૪૯ તા. ૧૬/૫/૨૦૧૨ નો આર.કે. પ્રોપર્ટીઝ ભાગીદારી પેઢીના ભાગીદાર શ્રી ગીરીશભાઈ કેશવલાલ પરસાણા જોગ સ્વ. સુંદરજી રણછોડભાઈ શાહના વીલની રૂએ મેળવેલ લેટર્સ ઓફ એડમીનીસ્ટ્રેશન ઓફ ધી વીલની રૂએ વારસદારો (૧) શ્રી ઉષાબેન

Scanned by CamScanner

**Rajesh. J. Patel**
B.A. LL.B.
(ADVOCATE)
Office : Radha Chember,
1st Floor, Astron Chowk, Rajkot.
PH : (0281)2466429

રાજેશ જે. પટેલ
બી.એ. એલ.એલ.બી.
(એડવોકેટ)
ઓફીસ : રાધા ચેમ્બર, પહેલા માળે,
એસ્ટ્રોન ચોક, રાજકોટ.
ફોન નં. (૦૨૮૧)૨૪૬૬૪૨૯



કાંતિલાલ શાહ (૨) શ્રી જયોતિબેન અરવિંદકુમાર શાહ (૩) શ્રી દિનેશભાઈ સુંદરજી શાહ ના કુલમુખત્યાર તથા જાતે શ્રી રેખાબેન ભુપતભાઈ ઉર્ફે ભુપેન્દ્ર શાહએ કરી આપેલ વેચાણ દસ્તાવેજની ટ્રુ કોપી.

૬: આર.કે. પ્રોપર્ટીઝના નામથી ચાલતી ભાગીદારી પેઢીના ભાગીદારોએ તા. ૧૬/૨/૨૦૧૨ ના રોજ સહ ભાગીદાર શ્રી ગીરીશભાઈ કેશવલાલ પરસાણાને આપેલ કુલમુખત્યારનામાની ટ્રુ કોપી.

૭: આર.કે. પ્રોપર્ટીઝના નામથી ચાલતી ભાગીદારી પેઢીના ભાગીદારો વચ્ચે તા. ૨/૧૨/૨૦૧૦ ના થયેલ ભાગીદારી દસ્તાવેજની ટ્રુ કોપી. તથા રજીસ્ટ્રાર ઓફ ફર્મ્સ સર્ટીફીકેટ ની ટ્રુ કોપી.

૮: શ્રી ઉષાબેન કાંતિલાલ શાહએ તા. ૩/૪/૨૦૧૨ ના રોજ અમો શ્રી રેખાબેન ભુપતભાઈ ઉર્ફે ભુપેન્દ્ર શાહને આપેલ પાવર ઓફ એટર્નીની ટ્રુ કોપી.

૯: શ્રી જયોતિબેન અરવિંદકુમાર શાહએ તા. ૩૦/૩/૨૦૧૨ ના રોજ અમો શ્રી રેખાબેન ભુપતભાઈ ઉર્ફે ભુપેન્દ્ર શાહને આપેલ પાવર ઓફ એટર્નીની ટ્રુ કોપી.

૧૦: શ્રી દિનેશભાઈ સુંદરજી શાહએ તા. ૨/૩/૨૦૧૨ ના રોજ અમો શ્રી રેખાબેન ભુપતભાઈ ઉર્ફે ભુપેન્દ્ર શાહને આપેલ પાવર ઓફ એટર્નીની ટ્રુ કોપી.

RAJESH J. PATEL

૧૧: રાજકોટના મહે. સીવીલ જજ સી.ડી. સાહેબની કોર્ટમાંથી દિ.પ.અ.નં. ૯૭૩/૨૦૦૬ તા. ૩૦/૧૧/૨૦૦૬ થી સ્વ. સુંદરજીભાઈ રણછોડભાઈ શાહના નામની મિલ્કત અંગે વીલની રૂએ મેળવેલ લેટર્સ ઓફ એડમીનીસ્ટ્રેશન ઓફ ધી વીલની ખરીનકલ.

૧૨: સ્વ.રા.વે.ર.બુક નં. ૨૦૪/૧૯૮૬ તા. ૧૭/૬/૧૯૩૦ નો શાહ સુંદરજી રણછોડ જોગ શ્રી પારેખ નંદલાલ પોપટભાઈએ કરી આપેલ વેચાણ લેખની ટ્રુ કોપી.

૧૩: સ્વ.રા.વે.ર.બુક નં. ૨૦૯/૧૯૮૪ તા. ૬/૭/૧૯૨૮ નો પારેખ નંદલાલ પોપટભાઈ જોગ પારેખ વ્રજલાલ ડાહયાભાઈએ કરી આપેલ વેચાણ લેખની ટ્રુ કોપી.

૧૪: સ્વ.રા.હ.લે.બુ.નં. ૧૩૩ તા. ૬/૧૨/૧૯૨૦ નો પારેખ વ્રજલાલ ડાહયાભાઈ જોગ ઠાકોર સાહેબશ્રી સર લાખાજીરાજએ કરી આપેલ વેચાણ લેખની ટ્રુ કોપી.

ઉપરોક્ત વિગતેના દસ્તાવેજો અમોએ તપાસેલ છે. આથી સદરહું રાજકોટ શહેરમાં દિવાનપરા શેરી નં. ૧૧ માં આવેલ અઘાટ લેખવાળી સીટી સર્વે વોર્ડ નં. ૧, સીટી સર્વે નં. ૨૧૧૯, ૨૧૨૦ તથા ૨૧૨૧ જે એકત્રીકરણ થતા સીટી સર્વે નં. ૨૧૧૯ ની કુલ જમીન ચો.વા.આ. ૩૨૫–૦૦ બરાબર ચો.મી.આ. ૨૭૪–૬૨ આર.કે. પ્રોપર્ટીઝના નામથી ચાલતી ભાગીદારી

Scanned by CamScanner

**Rajesh. J. Patel**
B.A. LL.B.
(ADVOCATE)
**Office :** Radha Chember,
1st Floor, Astron Chowk, Rajkot.
PH : (0281)2466429

**રાજેશ જે. પટેલ**
બી.એ. એલ.એલ.બી.
(એડવોકેટ)
**ઓફીસ :** રાધા ચેમ્બર, પહેલા માળે,
એસ્ટ્રોન ચોક, રાજકોટ.
ફોન નં. (૦૨૮૧)૨૪૬૬૪૨૯



પેઢી વતી ભાગીદાર શ્રી ગીરીશભાઈ કેશવલાલ પરસાણાએ રજીસ્ટર્ડ વેચાણ દસ્તાવેજ અનુક્રમ નં. ૪૦૪૯ તા. ૧૬/૫/૨૦૧૨ થી સ્વ. સુંદરજી રણછોડભાઈ શાહના વીલની રૂએ મેળવેલ લેટર્સ ઓફ એડમીનીસ્ટ્રેશન ઓફ ધી વીલની રૂએ વારસદારો (૧) શ્રી ઉષાબેન કાંતિલાલ શાહ (૨) શ્રી જયોતિબેન અરવિંદકુમાર શાહ (૩) શ્રી દિનેશભાઈ સુંદરજી શાહ ના કુલમુખત્યાર તથા જાતે શ્રી રેખાબેન ભુપતભાઈ ઉર્ફે ભુપેન્દ્ર શાહ પાસેથી ખરીદ કરી કબજો ભોગવટો સંભાળેલ છે. ત્યારબાદ સદરહું જમીન ચો.મી. ૨૭૪–૬૨ વાળુ ક્ષેત્રફળ ચો.મી. ૨૭૧–૭૪ ગણી તેમાથી જમીન ચો.મી. ૨૪–૫૯ સેટ બેક એરીયા બાદ કરી તેમજ કાટખુણાની જમીન ચો.મી. ૮–૭૦ બાદ કરતા બાકી રહેતી નેટ પ્લોટની જમીન ચો.મી. ૨૩૮–૪૫ ઉપર બાંધકામ કરવા બાંધકામ પરવાનગી નં. ૩૩૭ તા. ૨૬/૧૦/૨૦૧૬ થી પરવાનગી આપેલ છે. અને બિલ્ડીગ પ્લાન મંજુર કરેલ છે. અને તે મુજબનું બાંધકામ શરૂ કરેલ છે. જે ઈમારતને **"ફખરી એવન્યુ"** નામ આપવામાં આવેલ છે. ત્યારબાદ આર.કે. પ્રોપર્ટીઝ ના નામથી ચાલતી ભાગીદારી પેઢીના ભાગીદારો માહેથી સંજયભાઈ તુલશીભાઈ પરસાણાનું તા. ૧૬/૧/૨૦૧૯ ના રોજ અવસાન થતા પાર્ટનરશીપ ડીડ અનુક્રમ નં. ૨૧૩૬ તા. ૧૫/૩/૨૦૧૯ તથા એડેન્ડમ પાર્ટનરશીપ ડીડ અનુક્રમ નં. ૨૩૩૮ તા. ૨૫/૩/૨૦૧૯ થી સ્વ. સંજયભાઈ તુલશીભાઈ પરસાણાનો ભાગીદારી પેઢીનો હિસ્સો તેમના પત્નિ વિધી સંજયભાઈ પરસાણાને ટ્રાન્સફર થાય છે. અને તેટલા હિસ્સા પુરતા જ આર.કે. પ્રોપર્ટીઝ ભાગીદારી પેઢીના ભાગીદાર તરીકે હિસ્સેદાર બને છે. આથી સદરહું **"ફખરી એવન્યુ"** ના નામથી ઓળખાતી રહેણાંક હેતુમાટેની ઈમારતનો ગમે તે પ્રકારે વહીવટ, વ્યવસ્થા, વેચાણ કરવા આર.કે. પ્રોપર્ટીઝના નામથી ચાલતી ભાગીદારી પેઢીના રજીસ્ટર્ડ દસ્તાવેજના પાના નં. ૬ ના પારા નં. ૧૩ માં દર્શાવ્યા મુજબ ભાગીદાર શ્રી ગીરીશભાઈ કેશવલાલ પરસાણા તથા શ્રી ઘનશ્યામભાઈ કેશવલાલ પરસાણાને જોઈન્ટલી ઓર સેવરલી રીતે હકક, અધિકાર અને સતા છે. આથી ઉતરોતરના દસ્તાવેજોની કડી આર.કે. પ્રોપર્ટીઝના નામથી ચાલતી ભાગીદારી પેઢીના ભાગીદારોના નામની મળતી આવે છે. અને સદરહુ મિલ્કત અંગે અમોએ રાજકોટ સબ રજીસ્ટ્રાર કચેરીમાં તા. ૧૫/૧/૨૦૨૦ ના સને ૧૯૯૦ થી ૨૦૨૦ સુધીના ૩૦–વર્ષના રેકર્ડ સર્ચ કરેલ છે. આ રેકર્ડ સર્ચ દરમ્યાન સદરહું મિલ્કત ઉપર કોઈનો ગીરો, બોજો નોંધાયેલ માલુમ પડેલ નથી. આથી સદરહું મિલ્કત ટાઈટલ કલીયર, માર્કેટેબલ, લોનેબલ તેમજ ગીરો, બોજાથી મુકત હોવાનો અમારો અભિપ્રાય થાય છે.

આ સાથે આપના તરફથી મળેલ દસ્તાવેજોની ફાઈલ તથા રાજકોટ સબ–રજી. કચેરીમાં તા. ૧૫/૧/૨૦૨૦ ના પહોંચ નં. ૨૦૨૦૦૨૨૦૦૧૧૬૫ થી કરેલ રેકર્ડ સર્ચ ફી ભર્યાની પહોંચ અસલ રજુ છે.

રાજકોટ.
તારીખ. ૧૫/૧/૨૦૨૦

RAJESH J. PATEL ADVOCATE

RAJESH J. PATEL ADVOCATE

**રાજેશ જે. પટેલ**
એડવોકેટ.
(Rgi. NO. G/649/2007)

Scanned by CamScanner

# અરજી પહોંચ

મિલ્કત નું વર્ણન : વો નં.1 સી સ નં.2119,2120,2121

Search in : RAJKOT-1/RAJKOT-1

| | | | | | |
|---|---|---|---|---|---|
| પહોંચ નંબર | ૨૦૨૦૦૨૨૦૦૧૧૬૫ | અરજી નંબર | ૮૭૨ | અરજી વર્ષ | ૨૦૨૦ |
| તારીખ | ૧૫ | માહે | જાન્યુઆરી | સને | ૨૦૨૦ |

રજુ કરનારનું નામ રાજેશ જે પટેલ (એડ) શોધ+ઇસી

નીચે પ્રમાણે ફી પહોંચી

| | રૂ. પૈસા |
|---|---|
| રજીસ્ટ્રેશન ફી........................................ | |
| નકલ કરવા ની ફી સાઈડ / ફોલીયો........................ | |
| શેરોની નકલ કરવા માટે ફી................................ | ૧૦૦.૦૦ |
| ટપાલ ખર્ચ................................................ | |
| નકલો અથવા યાદીઓ (કલમ ६४ થી ६७ )..................... | |
| શોધ અગર તપાસણી............Year: 1990 2020 | ૩૨૦.૦૦ |
| દંડ કલમ-૨૫............................................. | |
| કલમ-૩૪ (કલમ-૫૭ )..................................... | |
| નકલ ફી ફોલીયો.......................................... | |
| ઈન્ડેક્ષ-૨ ફી ............................................ | |

| કુલ એકંદરે રૂ. | ૪૨૦.૦૦ |
|---|---|

અંકે રૂપીયા ચાર સો વીસ પુરા

દસ્તાવેજ ---------- ના દિવસે તૈયાર થશે અને તે રજીસ્ટર ટપાલથી મોકલવામાં ---------------- આવશે.

કચેરીમાં આપવામાં

નકલ

દસ્તાવેજ રજીસ્ટર ટપાલથી નીચેના સરનામે મોકલશો.

એમ.જે.રાજયગુરૂ
સબ રજીસ્ટ્રાર
રાજકોટ - 1

૧૫/૦૧/૨૦૨૦ 13:19:20

IGR-NIC(G) -4342350585274731348 (W)

Scanned by CamScanner

1990 સુપ્રિટેન્ડેન્ટ ઓફ સ્ટેમ્પસ અને ઈન્સપેક્ટર જનરલ ઓફ રજીસ્ટ્રેશન (મહેસુલ વિભાગ - ગુજરાત રાજ્ય)

2020

## મિલ્કત પરના બોજા અંગેનું પત્રક

Search in રાજેશ જે પટેલ (એડ) શોધ+ઇસી    અરજી નંબર : 872    ગામ નું નામ : RAJKOT-1

મિલ્કતનું વર્ણન વો નં.1 સી સ નં.2119,2120,2121

દસ્તાવેજની આ શોધ Sub-Registrar Office(SRO) RAJKOT-1 મા -30 વર્ષના ઇન્ડેક્ષ -2 ની ઉપલબ્ધ માહિતી અને રેકોર્ડ ઉપર થી તૈયાર કરવામા આવી છે. આ શોધનો ઉપયોગ મિલ્કત પરના બોજા અંગેનુ પુરતોજ મર્યાદીત આ શોધમા તા________ સસુંધીના નોંધણી થયેલ દસ્તાવેજોનો સમાવેશ થયેલ છે.

નોંધ :- સરકાર અથવા આ પ્રમાણપત્ર આપનાર સબરજીસ્ટ્રાર કચેરી આ પ્રમાણપત્રની વિગતોની ચોક્સાઇ અથવા ખરાપણા વિશે બાંયધરી આપતા નથી અને એમાની કોઇપણ માહિતી સબંધમા નુક્શાની માટેના કોઇપણ હકદાવા માટે તે જવાબદાર રહેશે નહિ

| દસ્તાવેજનો પ્રકાર અને અવેજ (ભાડા પટાના કિસ્સામાં આકાર પટે આપનાર અથવા પટે રાખનાર આપે છે તે જણાવવું) | સર્વે નંબર પેટા વિભગ નંબર અને ઘર નંબર (જો કંઈ પણ હોય તો) | ક્ષેત્રફળ | આકાર અથવા જુડી આપવામાં આવે ત્યારે તે. | દસ્તાવેજ કરી આપનાર પક્ષકારનું નામ અથવા દિવાની કોર્ટના હુકમનામા અથવા આદેશના સંબંધમાં પ્રતિવાદીનું નામ | દસ્તાવેજ કરી લેનાર પક્ષકારનું નામ અથવા દિવાની કોર્ટના હુકમનામા અથવા આદેશના સંબંધમાં વાદીનું નામ | સહીની તારીખ નોંધણીની તારીખ | દસ્તાવેજ નંબર | શેરો |
|---|---|---|---|---|---|---|---|---|
| ---------------------- NO DATA AVAILABLE ---------------------------- | | | | | | | | |
| રૂ. | | | | | | | | |

THE SEAL OF THE SUB-REGISTRAR OF રાજકોટ સબ રજીસ્ટ્રાર

સબ-રજીસ્ટ્રાર

Sub-Registrar Office(SRO) RAJKOT-1

પ્રિન્ટ તારીખ : 15/01/2020



Scanned by CamScanner